જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૯/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૪૪ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૯૯ કવાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૪૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં. ૧૩૪૧/૨૦૨૫**

ક્રાઈમ બ્રાન્ચઃ દિનેશભાઇ સ/ઓ ગોવિંદભાઇ હીરપરા (ઉ.વ.૩૯) (રહે. સાંઇ ફલોરા, રસપાન ચાર રસ્તા નિકોલ) એ તા.૨૩/૦૯/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૨૦ થી માહે એપ્રિલ/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિશાલભાઇ મનુભાઇ પોરા (રહે. શ્રી નંદ ઇલાઇટ, કોરોના હાઇટની સામે, અમર જવાન સર્કલ, એસ.પી. રીંગરોડ, નિકોલ, મુળ ગામ. ગોલરવા તા.જી. અમરેલી અને (૨) રાહુલ જીતેન્દ્રકુમાર શર્મા (રહે. કલા રેસીડન્સી, રેડીયો મીર્ચી રોડ વેજલપુર) એ ભેગા મળી દિનેશભાઇ હીરપરાના નામથી લોન તથા ક્રેડિટ કાર્ડ મેળવવા પુરાવા મેળવી બેંકમાંથી લોન મેળવી વિશાલભાઇ પોરા નાઓ રાહુલ જીતેન્દ્રકુમાર શર્માને દિનેશભાઇ હીરપરાની ઓફીસથી મોટા પ્રમાણમાં રોકડમાં કમિશન આપતાં હતા. અને દિનેશ હીરપરા ફર્મના નામે તથા દિનેશભાઇ હીરપરાના નામથી લીધેલ લોન તથા ક્રેડિટકાર્ડના હપ્તા પોતે ભરશે તેવો વિશ્વાસ અપાવી દિનેશભાઇ હીરપરાના તેમજ તેમના પત્ની તથા ભાઇ તથા માતા નાઓના નામથી અલગ–અલગ બેંક તથા ફાયનાન્સ કંપનીઓમાંથી અલગ–અલગ લોન કરાવી તે લોન પૈકી આરકા કેપિટલની લોનમાં લોન એપ્લીકેશન ફોર્મ કે એગ્રીમેન્ટમાં વિશાલભાઇ પોરા અથવા રાહુલ શર્મા નાઓએ દિનેશભાઇ હીરપરાની ખોટી સહીઓ કરી લોન કરાવી તથા ક્રેડિટકાર્ડની રકમ દિનેશભાઇ હીરપરાના ખાતામાં જમા કરાવી જે સાચી રકમ દિનેશભાઇ હીરપરાથી છુપાવી શરૂઆતમાં લોનના તેમજ ક્રેડિટકાર્ડના હપ્તા ભરેલ અને ત્યારબાદ લોનની રકમ અન્ય ફર્મમાં તેમજ તેઓના મળતિયાઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી તેમજ કેટલીક રકમ કેશ વિડ્રો કરાવી વિશાલભાઇ પોરાએ મેળવી લઇ માહે ફેબ્રુઆરી/એપ્રિલ–૨૦૨૫ બાદ લોનના રૂપિયા ૩,૮૦,૪૭,૦૦૦/– તેમજ ક્રેડિટ કાર્ડના રૂપિયા ૪૮,૩૯,૦૩૦/– મળી કુલ રૂપિયા ૪,૨૮,૮૬,૫૩૦/– બેંકમાં નહી ભરી તેમજ બીજી ઘણી ફર્મના પ્રોપરાઇટરોના લોન તથા ક્રેડીટકાર્ડના નાણાં મેળવી લઇ દિનેશભાઇ હીરપરા તેમજ બેંક સાથે વિશ્વાસઘાત કરેલ છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઇ.શ્રી એસ.એમ.ચૌધરી ચલાવે છે.

નારોલઃ ઘનશ્યામ મહાદેવભાઇ સરોજ (ઉ.વ.૪૫) (રહે. દેવનંદન પાર્ક વારાહી પાર્ક પાસે મોની હોટલના ખાંચમાં નારોલ) એ તા.૨૩/૦૯/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઘનશ્યામ સરોજ નાઓના ફેસબુક આઈડી ઉપર ઘનશ્યામ સરોજના ગામના ઓળખીતાના નામવાળી વ્યક્તિએ ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલતા ઘનશ્યામ સરોજએ ગામના ઓળખીતા મિત્રની ફ્રેન્ડ રિક્વેસ્ટ સમજી મિત્રતા કરતા તા.૧૨/૦૮/૨૦૨૫ બપોરના ૩/૦૦ થી તા.૧૩/૦૮/૨૦૨૫ બપોરના ૪/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૬૦૦૨૦૪૯૫૬૬ ધારકે વોટ્સએપથી વાતચીત કરી લોભામણી વાતો કરી ઘનશ્યામ સરોજના બેન્ક ખાતાની માહીતી મેળવી ઘનશ્યામ સરોજના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કર્યાનો ખોટો સ્ક્રીન શોર્ટ મોકલ્યો હતો. ત્યારબાદ તેઓના વિઝાના કાગળો કમ્પલેટ નથી થયા અને ટ્રાવેલીંગ એજન્સીમાં રૂપિયા ભરવાના છે તો એજન્ટના નંબર ઉપર વાત કરવાનું જણાવી મોબાઈલ નંબર ૬૩૨૧૦૬૧૦૧૬ આપેલ હતો અને જલદી આપેલ નંબર ઉપર સંપર્ક કરી પૈસા ભરવાનું જણાવેલ નહીતર કસ્ટડી થાય તેમ છે તેવુ કહેતા ઘનશ્યામ સરોજએ ઓળખીતા મિત્ર સંકટમાં હોય એવું માની આપેલ નંબર ઉપર સંપર્ક કરી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૫૦,૦૦૦/- ટ્રાન્જેકશન કર્યા હતા. ત્યારબાદ ઘનશ્યામ સરોજ એ મિત્રના ઘરે ફોન કરતા જાણવા મળેલ કે તેમના મિત્ર સહી સલામત છે તેઓને કોઈ તકલીફ નથી અને કોઈ બનાવ બનેલ નથી તેવું જાણવા મળતા મોબાઈલ નંબર ૬૦૦૨૦૪૯૫૬૬ અને ૬૩૨૧૦૬૧૦૧૬ ના ધારકોએ ઘનશ્યામ સરોજ પાસેથી પૈસા મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.સી.દેસાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં. ૧૩૪૨/૨૦૨૫**

વાડજઃ રાહુલભાઇ રાજુભાઇ દંતાણી (ઉ.વ.૨૬) (રહે. જય મહાદેવનગર ઔડાના મકાન બલોલનગર રોડ નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૫ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યુવરાજસિહ ખુમાનસિહ ચલાવે છે.

ચાંદખેડાઃ ચાંદખેડા સત્યેશ હોસ્પિટલ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા અમરતસિંહ સ/ઓ પ્રકાશજી ઠાકોર (ઉ.વ.૨૫) (મુળ વતન. ઠાકોરવાસ લક્ષ્મીપુરા તા-કાંકરેજ જી-બનાસકાંઠા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૫ બપોરના ૪/૪૫ વાગ્યા પહેલા ચાંદખેડા સત્યેશ હોસ્પિટલ રૂમ નંબર-૧૦૫ ખાતે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

સરખેજઃ સરખેજ, આંબલી, વકીલબીજના છેડે ગેસ્ટ્રો મોટર્સની ગલીમાં લેબર કોલોની ખાતે રહેતા અને મજુરી કામ કરતા પ્રવિણભાઈ છત્રસિંહ ડીંડોર (ઉ.વ.૨૮) (મુળ વતન. ગામ-રજાયતા તા-મોરવા જી-પંચમહાલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૫ કલાક ૮/૧૫ વાગ્યા પહેલા રહેણાંક નજીક ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી